# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**તારીખ : 19-07-2024** **સાંજે : 7.50 થી 8.00**

**વાર : શુક્રવાર**

**આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.**

---

- ✓ માઇક્રોસોફ્ટના સર્વરમાં તકનિકી ખામી સર્જાતા આજે દેશ અને દુનિયાભરની અનેક સેવાઓને અસર પહોંચી છે.
- ✓ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જળવાયુ પરિવર્તની સમસ્યાનો સામનો સાથે મળીને કરવા અનુરોધ કર્યો છે.
- ✓ UPSC એ સિવિલ સર્વિસ પરીક્ષા સંદર્ભે પૂજા ખેડકરની ગેરવર્તણૂકની વિગતવાર અને સંપૂર્ણ તપાસ હાથ ધરી છે.
- ✓ અમેરિકાના રિપબ્લિકન પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે તેમની ઉપર થયેલા હુમલા બાદ પ્રેમ અને સહકાર બદલ અમેરિકાની જનતાનો આભાર માન્યો છે.
- ✓ મહિલા એશિયા કપ ટી-ટ્વેન્ટી ક્રિકેટમાં આજે શ્રીલંકાના દાંબુલામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો થઇ રહ્યો છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## MOS CIVIL AVIATION-MICROSOFT OUTAGE

માઇક્રોસોફ્ટના સર્વરમાં તકનિકી ખામી સર્જાતા આજે દેશ અને દુનિયાભરની અનેક સેવાઓને અસર પહોંચી છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલે એક નિવેદનમાં દેશની વિમાન સેવાને અસર થઈ હોવાનું જણાવ્યું હતું.

અહેવાલ પ્રમાણે દિલ્હી, મુંબઈ સહિત દેશના ઘણા એરપોર્ટ પર કાર્યપ્રણાલીને અસર થઈ છે, જેને પગલે અસંખ્ય ફ્લાઇટસ મોડી ચાલી રહી છે.

સ્પાઇસ જેટ કંપનીએ એક નિવેદનમાં કહ્યું છે કે સર્વર ખામીને કારણે તેમની સેવા પ્રભાવિત હોવાથી મેન્યુઅલ ચેક-ઇન અને બોર્ડિંગ પાસ ઇસ્યૂ કરાયા હતા.

દિલ્હી એરપોર્ટે પણ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે કે તકનિકી ખામીને કારણે વિમાની સેવાઓમાં અવરોધ ઉભો થયો છે. કેટલાક આંતરરાષ્ટ્રીય ઉડ્ડયનો રદ્દ કરાયા છે.

આ તરફ મુંબઈના છત્રપતિ શિવાજી આંતરરાષ્ટ્રીય વિમાન મથકે મુસાફરોને લગતી કામગીરીમાં અંદાજે એક કલાકનો વિલંબ થઇ રહ્યો છે.

## EVE WORLDWIDE-IT OUTAGE

વિશ્વની ટોચની કમ્પ્યુટર કંપની માઇક્રોસોફ્ટના સર્વરમાં તકનિકી ખામીને કારણે આજે દુનિયાભરમાં કામકાજ પ્રભાવીત થયું છે. આ ખામીને કારણે અસંખ્ય કંપનીઓના કમ્પ્યુટર પર વાદળી સ્ક્રીન દેખાતા લોકોએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી.

અમેરિકા મૂળની ક્રાઉડસ્ટ્રાઇક નામની સાઇબર સુરક્ષા કંપની માઇક્રોસોફ્ટને હોસ્ટિંગ સેવા પૂરી પાડે છે, તેમાં આવેલી ખામીને કારણે આ ગેરવ્યવસ્થા સર્જાઈ હતી. ક્રાઉડ સ્ટ્રાઇકે સત્તાવાર નિવેદનમા જણાવ્યું કે તેમને વિન્ડોઝ હોસ્ટમાં ફાલ્કન સેન્સર

એરરની ફરિયાદો મળી હતી. જેમાં કોઈ બગને કારણે સિસ્ટમ ખોટકાઈ હતી. કંપનીએ વધુમાં જણાવ્યું કે તેમની એન્જિનિયર ટીમે ખામી શોધી કાઢી છે અને ઉકેલ અંગે કામ કરી રહી છે.

ભારત સહિત ન્યૂઝિલેન્ડ, જાપાન જેવા દેશોમાં ટેકનીકલ ખામીની અસર પહોંચી છે.

ભારતની કમ્પ્યુટર આપાત પ્રતિભાવ ટીમ – CERT એ આ દિશામાં એક માર્ગદર્શિકા જાહેર કરી, માઇક્રોસોફ્ટ કમ્પ્યુટર માટે અપડેટ રિલીઝ કરી હતી.

દરમિયાન કેન્દ્રીય માહિતી પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે મંત્રાલય આ મામલે માઇક્રોસોફ્ટ સાથે સંપર્કમાં છે. તેમણે ઉમેર્યું કે ખામીને શોધી લેવાઈ છે અને તેના ઉકેલ માટે અપડેટ જારી કરાયા છે.

## PREZ--AWARD

નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં ખાતે બીજી શ્રેણીનો સંરક્ષણ અલંકરણ સમારોહ યોજાયો હતો. જેમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે જવાનોને સમ્માનિત કરાયા હતા. આ સમારોહમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને દિલ્હીના ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેના ઉપસ્થિત રહ્યા હતા.

## VP--CLIMATE-CHANGE

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે  કહ્યું છે કે જળવાયુ પરિવર્તન વૈશ્વિક આપત્તિ તરીકે ઉભરી આવ્યું છે અને સમગ્ર વિશ્વમાં સમુદાયના પતન માટે જવાબદાર છે. તેમણે કહ્યું કે આ ફેરફારો ગરીબો, જૈવવિવિધતા અને ખાદ્ય સુરક્ષાને જોખમમાં મૂકે છે. ઉપરાષ્ટ્રપતિએ આજે નવી દિલ્હીમાં પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખાતે બાયો-એનર્જી – પાથવે ટુ અ ડેવલપ્ડ ઈન્ડિયા પર ચોથી આંતરરાષ્ટ્રીય પરિષદના સમાપન સત્રને સંબોધિત કર્યું હતું. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે જળવાયુ પરિવર્તનનો સામનો સાથે મળીને કરવાની જરૂર છે.

શ્રી ધનખડે  કહ્યું કે ભારત આ દિશામાં ગંભીરતાથી કામ કરી રહેલા અગ્રણી દેશોમાંનો એક છે. તેમણે જણાવ્યું હતું કે ભારત ઉર્જા સ્ત્રોતોમાંથી સ્થાપિત પાવર ક્ષમતાના 50 ટકા અને 2070 સુધીમાં શૂન્ય કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય ધરાવે છે.

## PUNE-IAS-POOLA-KHEDKAR

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન-UPSC એ સિવિલ સર્વિસ પરીક્ષા-2022 માટે ભલામણ કરેલ ઉમેદવાર પૂજા ખેડકરની ગેરવર્તણૂકની વિગતવાર અને સંપૂર્ણ તપાસ હાથ ધરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે તેણે નકલી ઓળખ બનાવીને તેનું નામ, પિતા અને માતાનું નામ, તેના ફોટોગ્રાફ અને સહી, ઈમેલ આઈડી, મોબાઈલ નંબર અને સરનામું બદલીને પરીક્ષાના નિયમો હેઠળની અનુમતિપાત્ર મર્યાદા કરતાં વધુ પ્રયાસો કર્યા છે.

યુપીએસસીએ પોલીસમાં ફરિયાદ નોંધીને તેની સામે ફોજદારી કેસ શરૂ કર્યો છે. સિવિલ સર્વિસીઝ પરીક્ષાની તેમની ઉમેદવારી રદ કરવા અને ભવિષ્યની પરીક્ષાઓ અને પસંદગીઓમાંથી તેમને પ્રતિબંધિત કરતી કારણ બતાવો નોટિસ જારી કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલૉ કરી શકો છો...

## SC-WB-GOVERNOR

સર્વોચ્ચ અદાલત આજે બંધારણના અનુચ્છેદ 361ની રૂપરેખાને તપાસવા સંમત થઈ છે, જે કોઈપણ પ્રકારની ફોજદારી કાર્યવાહીથી રાજ્યપાલોને પ્રતિરક્ષા પ્રદાન કરે છે. સર્વોચ્ચ અદાલતે આ આદેશ પશ્ચિમ બંગાળ રાજભવનની પૂર્વ મહિલા કર્મચારીની અરજી પર આપ્યો છે. આ અરજી રાજ્યપાલ સીવી આનંદ દ્વારા કથિત છેડતી અને ત્યાંના અધિકારીઓ દ્વારા મહિલા કર્મચારીને ખોટી રીતે કેદ કરવા સંબંધિત છે. મુખ્ય ન્યાયમૂર્તિ ડીવાય ચંદ્રચુડ અને ન્યાયાધીશ જે બી પારડીવાલા અને મનોજ મિશ્રાની ખંડપીઠે મહિલાની અરજી પર પશ્ચિમ બંગાળ સરકારને નોટિસ જારી કરી હતી.

## US DONALD TRUMP

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ અને રિપબ્લિકન પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે તેમની ઉપર થયેલા હુમલા બાદ પ્રેમ અને સહકાર બદલ અમેરિકાની જનતાનો આભાર માન્યો છે. વધુમાં તેમણે જણાવ્યું કે અમેરિકાના લોકોની સેવા કરી શકે તેવી સરકાર બનાવવા તેઓ વચનબદ્ધ છે.

ડોનાલ્ડ ટ્રમ્પ રિપબ્લિકન પક્ષ માટે સત્તાવાર રીતે ઉમેદવારીનો સ્વીકાર કરતા વિસ્કોન્સિનના રિપબ્લિકન નેશનલ કન્વેક્શન સેન્ટર ખાતે બોલી રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ વર્ષના નવેમ્બર માસમાં અમેરિકામાં રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણી યોજાવાની છે.

## MAHARASHTRA ACCIDENT

મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં થયેલા એક અકસ્માતમાં સાત શ્રદ્ધાળુઓના મોત થયા છે, જ્યારે છ ગંભીર રીતે ઘવાયા હતા. 14 મુસાફરો સાથેની એક જીપ પૂર ઝડપે જાલના – રાજપુર તરફ જઈ રઈ રહી હતી, દરમિયાન ડ્રાઇવરે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા જીપ ખુલ્લા કુવામાં પડતા અકસ્માત સર્જાયો.

જીપમાં સવાર શ્રદ્ધાળુઓ પંઢરપુરની યાત્રાએથી પરત ફરી રહ્યા હતા. અકસ્માત સ્થળેથી સાત ભાવિકોના મૃતદેહ મળી આવ્યા હતા, જ્યારે અન્ય છને બચાવી લેવાયા છે. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ મૃતકોના પરિવારોને 5 લાખ રૂપિયાની સહાય તેમજ ઇજગ્રસ્તોને મફત સારવારની જાહેરાત કરી છે.

## J-K--GRENADE-DEFUSED

જમ્મુ અને કાશ્મીરમાં બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડે આજે પૂંચ જિલ્લામાં સરકારી ઈમારતની છત પરથી મળેલા ગ્રેનેડને નિષ્ક્રિય કર્યો છે. રાજા સુખદેવ જિલ્લા હોસ્પિટલ નજીક સરકારી ક્વાર્ટરની છત પર બાળકોએ હેન્ડ ગ્રેનેડ જોયા બાદ પોલીસને બોલાવવામાં આવી હતી. પોલીસને શંકા છે કે કોઈ વ્યક્તિ ગ્રેનેડ ફેંકીને ભાગી ગયો હતો, પરંતુ તે ફાટ્યો નહોતો. પોલીસે લોકોને સતર્ક રહેવા અને કોઈપણ શંકાસ્પદ ગતિવિધિની તરત જ સુરક્ષા એજન્સીઓને જાણ કરવા જણાવ્યું છે.

દરમ્યાન, કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરની પોલીસે મોબાઇલ નંબર 8891979985 નો ઉપયોગ કરીને ગુપ્ત હેતુ સાથે પોલીસ મહાનિદેશક આરઆર સ્વેન હોવાનો ખોટો દાવો કર્યો હોવાના અહેવાલોને પગલે કાનૂની કાર્યવાહી શરૂ કરી છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે જાહેર જનતા અને કાયદા અમલીકરણ અધિકારીઓને સાવચેતી રાખવા અને આ વ્યક્તિ સાથે કોઈપણ ક્રિયાપ્રતિક્રિયા ટાળવા વિનંતી કરી છે.

## Women cricket asia cup

મહિલા એશિયા કપ ટી-ટ્વેન્ટી ક્રિકેટમાં આજે શ્રીલંકાના દાંબુલામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાઇ રહેલી મેચમાં પાકિસ્તાને ટોસ જીતીને પહેલાં બેટીંગ કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લા સમાચાર મળ્યા ત્યારે પાકિસ્તાને 11 ઓવરમાં 3 વિકેટે 57 રન નોંધાવ્યા છે.

## MISSILE-DEFENCE-INDIA-2024

વાયુસેનાના ઉપપ્રમુખ એર માર્શલ અમર પ્રીત સિંહે આજે જણાવ્યું છે કે સંરક્ષણ ક્ષેત્ર અને યુદ્ધમાં ટેકનોલોજીના વિકાસને કારણે વાયુસેનાની જવાબદારીઓ વધી છે. એર એન્ડ મિસાઈલ ડિફેન્સ ઈન્ડિયા સેમિનાર અને પ્રદર્શન 2024ના ઉદ્ઘાટન પ્રસંગે સંબોધન કરતાં એર માર્શલ સિંહે કહ્યું કે વાયુસેનાના વધતા મહત્વને ધ્યાનમાં રાખીને તેને દરેક મહત્વપૂર્ણ ટેક્નોલોજીકલ વિકાસ સાથે જોડવાની જરૂર છે.

સંદેશાવ્યવહાર અને ડેટાના મહત્વનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે સેનાઓને મજબૂત અને બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થાની જરૂર છે. આ ક્ષેત્રમાં ભારત આત્મનિર્ભર બનવા પર ભાર મૂકતા શ્રી સિંહે કહ્યું કે આ બાબતમાં ગુણવત્તા સાથે બાંધછોડ ન કરવી જોઈએ.

### TENNIS-SWEDISH OPEN

સ્વીડિશ ઓપન ટેનિસ પુરુષોની સિંગલ્સમાં દુજે એજ્દુકોવિક સેમિ ફાઇનલમાં પહોંચી ગયા  છે. હાલમાં સ્પેનના રાફેલ નડાલનો મુકાબલો આર્જેન્ટિનાના મારિયાનો નેવોન સામે છે.

## POST RAKHI

ભારતીય ટપાલ વિભાગે લોકોને પોતાના પ્રિયજનોને સમય પર રાખડી મોકલવા 31 જુલાઈ સુધીમાં રાખડી મોકલવાની સલાહ આપી છે. પોસ્ટ વિભાગે આંતરરાષ્ટ્રીય પોસ્ટની જટિલતાઓને પાર પાડવા તેમજ વિલંબ અને જકાત સંબંધી મર્યાદાઓને ધ્યાનમાં લઇને આ સલાહ આપી છે.

વધુમાં વિભાગે પેકેટને યોગ્ય રીતે બંધ કરવા, તેમજ ચોક્કસ કોડ સાથે સાચું સરનામું લખવા ઉપરાંત મોબાઇલ નંબર લખવાની સલાહ આપી છે.

સાથે જ પોસ્ટમાં જ્વલનશીલ, તરલ કે બગડી જાય તેવા પદાર્થો નહીં મોકલવાની સૂચના આપી છે

## MANDAVIYA-OLYMPICS

યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો.મનસુખ માંડવિયાએ જણાવ્યું છે કે 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં રમતગમત મુખ્ય ભૂમિકા ભજવશે.

## ARUNCAHAL-PRADESH-BILL

અરુણાચલ પ્રદેશ સરકારે આજે રાજ્યની વિધાનસભામાં અરુણાચલ પ્રદેશ જાહેર પરીક્ષાઓમાં (ભરતીમાં અયોગ્ય માધ્યમોને રોકવાનાં પગલાં) અંગેનું વિધેયક 2024 રજૂ કર્યું છે,